1. મહાવીર સ્વામીનો પરિચય આપો.

➢ જૈન ધર્મના સ્થાપક 'વર્ધમાન' હતા. તેઓ મહાવીર સ્વામી તરીકે પ્રસિદ્ધ છે. વેદકાળના અંતભાગમાં આધ્યાત્મિક ક્ષેત્ર ભારતમાં નિરાશાજનક વાતાવરણ હતું. હિન્દુ ધર્મ વિશાળ જનતાની આધ્યાત્મિક આકાંક્ષાઓને સંતોષવામાં નિષ્ફળ નીવડ્યો હતો ત્યારે મહાવીર સ્વામીએ પોતાની વિચારસરણી રજૂ કરી.

જન્મ, બાલ્યાવસ્થા અને લગ્ન ઈ. સ. પૂર્વે 599માં બિહારમાં વૈશાલી ગણરાજ્યના કંડગ્રામ (ક્ષત્રિયકુંડ) નામના ગામમાં મહાવીર સ્વામીનો જન્મ થયો હતો. તેમનું મૂળ નામ 'વર્ધમાન' હતું. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ હતું અને તેઓ કુંડગ્રામની એક ક્ષત્રિય જાતિના નેતા હતા. તેમની માતાનું નામ ત્રિશલાદેવી હતું અને તેઓ વૈશાલી નગરીનાં રાજકુમારી હતાં. પુત્રના જન્મની સાથે જ પિતાની સમૃદ્ધિ વધી, તેથી બાળકનું નામ 'વર્ધમાન' પાડવામાં આવ્યું. જૈન સાહિત્યમાં તેમના બાળપણની અનેક ચમત્કારિક કથાઓ છે. તેઓ બાળપણથી જ સંસાર પ્રત્યે ખાસ આસક્તિ ધરાવતા ન હતા. આમ છતાં, માતાપિતાની ઇચ્છાને માન આપી તેમણે ડિન્ય ગોત્રની રાજકુમારી યશોદાદેવી સાથે લગ્ન કર્યું હતું. આ લગ્નથી તેમને એક પુત્રી થઈ હતી, જેનું નામ પ્રિયદર્શના 30 વર્ષની વય સુધી તેમણે એક સુખી ગૃહસ્થ તરીકેનું જીવન પસાર કર્યું હતું. માતાપિતાના અવસાન પછી તેમણે તેમના મોટા ભાઈ નંદવર્ધનની આજ્ઞા લઈને ગૃહત્યાગ કર્યો હતો.

સ્તય ની શોધ અને જ્ઞાનપ્રાપ્તિ : સંસારનો ત્યાગ કર્યા પછી વર્ધમાનને સત્યની શોધમાં તપશ્ચર્યા અને ધ્યાનનો આશરો લીધો. મોક્ષ પ્રાપ્ત કરવા માટે તેમણે બાર વર્ષ સુધી ઉગ્ર તર્પશ્ચર્યા કરી . તેરમા વર્ષે તેમણે સર્વ ઇન્દ્રિયો પર વિજય મેળવ્યો. તેમને કેવલ્યાજ્ઞાન પ્રાપ્ત થયું. આથી તેઓ 'મહાવીર' અને 'જિન' કહેવાયા. 'જિન' ઉપરથી તેમના અનુયાયીઓ 'જેન' કહેવાયા. મહાવીર સ્વામી સુખ-દુઃખનાં બંધનોમાંથી મુક્ત થયા. આથી તેઓ 'નિગ્રંથ' કહેવાયા. કૈવલ્યશાન પ્રાપ્ત કર્યા પછી મહાવીરે 30 વર્ષ સુધી વૈશાલી, વિદેહ અને મગધ(વર્તમાન સમયનું પશ્ચિમ બંગાળ)માં લોકોને ઉપદેશ આપ્યો. ઈ. સ. પૂર્વે 527માં 72 વર્ષની વયે તેઓ મગધની રાજધાની રાજગૃહી નજીક આવેલ પાવાપુરી ખાતે નિર્વાણ પામ્યા. આથી પાવાપુરી જેનોનું એક મહત્ત્વનું તીર્થધામ ગણાય છે.

2. જૈન ધર્મએ આપેલ સામાજિક અને સાહિત્યિક પ્રદાનનું વિસ્તૃત વર્ણન કરો.

➢ જેન ધર્મે સામાજિક ક્ષેત્રે તેમજ સાહિત્યના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપીને 'ભારતીય સંસ્કૃતિને સમૃદ્ધ બનાવવામાં અગત્યના ફાળો આપ્યો છે. સામાજિક ક્ષેત્રે પ્રદાન : જેન ધર્મે માનવીના જીવનને નીતિમય, ઉન્નત અને સાર્થક બનાવવા માટે પાંચ મહત્ત્વના ચાર આપ્યો છે : (1) સત્ય, (2) અહિસા. (3) અસ્તેય, (4) અપરિગ્રહ અને (5) બ્રહ્મચર્ય. આ સિદ્ધાંતો ગાંધીજીના જીવનમાં પાયાના સિદ્ધાંતો બન્યો હતા. પંડિત રામધારીસિહ દિનકરના મત મુજબ જૈન ધર્મનો હિન્દુ ધર્મ પર મોટામાં મોટો જો કોઈ પ્રભાવ પડયો હોય, તો તે અહિસાનો. જૈન ધર્મની અહિંસામાં શારીરિક તેમજ માનસિક એ બંને પ્રકારની અહિસાનો સમાવેશ થાય છે.

નાનામાં નાના જીવની પણ હત્યા ન થાય એવિ સૂક્ષ્મ અહિસાની બાબત પર જૈન ધર્મ માં ભાર મૂકવામાં આવ્યો છે.શૈવ અને વૈષ્ણવ પંથોનો ઉદય જૈન અને બૌદ્ધ ધર્મોની પછી થયેલો માનવામાં આવે છે. કદાચ આ કારણે જ બંને પંથોમાં, ખાસ કરીને વૈષ્ણવ પંથમાં અહિસાને ઊચું સ્થાન અપાયેલું છે. આજે મોટા ભાગના જૈન ધર્મના અનુયાયીઓનો મુખી વ્યવસાય વેપાર છે તેનું કારણ પણ અહિસાની ભાવના છે. મહાવીર સ્વામી એ ક શ્રેષ્ઠ સમાજસુધારક હતા , તેની જ્ઞાતિબંધનોથી મુક્ત સમાનતોના પાયા પર સમાજની રચના કરી. સમાજના

પાન, સ્તર, ઉપેક્ષિતે મને શપથિ અલિપ્ત રહેલા માનવીઑ તેમણે જૈન સમાજમાં ઉંચું સ્થાન અને દરજજો આપ્યાં હતાં. તેમણે મહિલાઓને દીક્ષા લેવાનો અને મોક્ષ પ્રાપ્તિનો અધિકાર આપ્યો હતો. તેમણે સમાજમાંની અનેક બદીઓનો નાશ કરવામાં મહત્વનો ફાળો આપ્યો હતો . સાહિત્યિક ક્ષેત્રે પ્રદાન : પાટલિપુત્ર અને વલભીપુરમાં મળેલી જૈન ધર્મની સભાઓમાં જૈન સાહિત્યને નિશ્ચિત આકાર આપવામાં આવ્યો. જૈન ધર્મના મુખ્ય ગ્રંથોમાં 'આગમો'નું સ્થાન મહત્વનું છે. તે અર્ધમાગધી ભાષામાં લખાયા છે.

આ ઉપરાંત જૈન સાધુ-સાધ્વીઓની જીવનચર્યાને લગતા પુસ્તકોમાં 'આચાર અંગ' અને 'દશવૈતાલિક સૂત્ર' મહત્વના ધાર્મિક ગ્રંથો ગણાય છે. જૈન ધર્મ પરના ટીકાગ્રંથોમાં દક્ષિણના આચાર્ય કુન્દ કુન્દના લખેલા 'પંચાસ્તિ કાર્ય', 'પ્રવચનસાર' તથા 'સમયસાર સ્થાન પણું ઊંચું છે. અપભ્રશમાં પણ ઘણું જન સાહિત્ય લખાયું છે. જેમાં ગુણાઢ્યની 'બૃહત્કથા', જૈન સૂરે જિનસેનનું 'હરિવંશપુરાણ અને સંઘદાસ ગણિરચિત' વસુદેવહિંડી નામના ગ્રંથ પણ પ્રસિદ્ધ છે. આચાર્ય ભદ્રબાહુ, સિદ્ધસેન દિવાકર, હરિભદ્ર તથા હેમચંદ્રાચાર્ય જેવા વિદ્વાન જૈન આચાર્યો એ ધર્મ તત્વજ્ઞાન, કથા, લાભ, વિજ્ઞાન અને વ્યાકરણના ગ્રંથોની રચના કરી સંસકૃત તથા પ્રાકૃત સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું. 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ પામેલા હેમચંદ્રાચાર્ય જૈન સાહિત્ય ના 'તેજસ્વી તારક' ગણાય છે, તેમણે સિદ્ધહેમશબ્દાનુષશાનને અને 'દયાશ્રય' કાવ્ય અત્યંત પ્રસિદ્ધ ગ્રંથો છે.

હેમચંદ્રાચાર્યના શિષ્યો રામચંદ્ર, દેવચંદ્ર, ગુણચંદ્ર વગેરેએ ઉત્કૃષ્ટ કક્ષાના સાહિત્યની રચના કરી છે. ગુજરાતના વાઘેલા સોલંકી વંશના રાજાઓના મંત્રી વસ્તુપાળ અને તેજપાળ સમર્થ કવિઓ હતા. તેઓ કવિઓ તથા સાહિત્યકારોના પ્રશંસક અને પુરસ્કર્તા પણ હતા. તેમના સમયના કવિ સોમેશ્વરે રચેલું 'કિર્તિકૌમુદી' નામનું મહાકાવ્ય ખૂબ પ્રસિદ્ધ છે. જૈન સાધુઓએ નકલ કરેલી પ્રાચીન ગ્રંથોની અસંખ્ય હસ્તલિખિત પ્રતો પાટણ શહેરના જૈન ઉપાશ્રયોના જ્ઞાનભંડારોમાં સચવાયેલી છે. આ હસ્તપ્રતો જૈન સાધુઓએ ભારતીય સંસ્કૃતિને સમર્પિત કરેલી અણમોલ ભેટ છે. જૈન વિદ્વાનો, સાહિત્યકારો અને કવિઓએ રચેલા સાહિત્યને કારણે તમિલ, તેલુગુ, કન્નડ, ગુજરાતી, રાજસ્થાની વગેરે પ્રાદેશિક ભાષાઓનો પણ સારો વિકાસ થયો છે. મલયાલમ, તમિલ, તેલુગુ અને કન્નડ જેવી દ્રવિડ ભાષાઓમાં જોવા મળતા સંસ્કૃતના શબ્દો જૈન મુનિઓ તથા જૈન સાહિત્યના સંપર્કનું પરિણામ છે.

3. જૈન ધર્મનો ત્રિરત્નનો સિદ્ધાંત જણાવો.

- જૈન ધર્મમાં આત્માને મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે. તે વિચાર કેન્દ્રસ્થાને છે. જૈનદર્શનમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધા , જ્ઞાન અને આચરણે જરૂરી છે. જે જૈન ધર્મમાં 'સમ્યક દર્શન', 'સમ્યક જ્ઞાન' અને 'સમ્યક ચરિત્ર' જેવાં ત્રણ રત્નોના નામે પ્રસિદ્ધ મહાવીરે યજ્ઞો, ક્રિયાકાંડો અને જ્ઞાતિભેદનો વિરોધ કર્યો. તેઓના મત અનુસાર દરે ક જીવને પોતાનાં કર્મોને કારણે જ સુખદુઃખ ભોગવવાં પડે છે અને વારંવાર જન્મો લેવા પડે છે. વ્યક્તિને કમનાં બંધનોમાંથી મુક્ત થવાથી જ જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મળે છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

  કર્મનાં બંધનોમાંથી મુક્ત થવા માટે તેમણે 'ત્રિરત્ન'('સમ્યક દર્શન' 'સમ્યક જ્ઞાન' અને 'સમ્યક ચરિત્ર')નો સિદ્ધાંત રજૂ કર્યો, જે 'ત્રિરત્ન સિદ્ધાંત' તરીકે જાણીતો છે. 'સમ્યક દર્શન' એટલે કોઈ પણ વસ્તુનો ઝીણવટપૂર્વકનો અભ્યાસ. આ પ્રકારનો અભ્યાસ કરવાથી જ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. 'સમ્યક જ્ઞાન' એટલે કોઈ પણ વસ્તુનું યથાર્થ અને સાચું સ્વરૂપ સમજાય તે ઉત્તમ પ્રકારનું જ્ઞાન. 'સમ્યક ચરિત્ર' એટલે સારું વર્તન. સમ્યક ચરિત્ર વિના

ઉત્તમ પ્રકારનું દર્શન અને જ્ઞાન સંભવિત નથી. 'સમ્યક દર્શન', 'સમ્યક જ્ઞાન' અને 'સમ્યક ચરિત્ર' માટે માનવીએ પાંચ વ્રતો, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિઓ અને ચાર ભાવનાઓનું પાલન કરવું જોઈએ.

4. બૌદ્ધ શિલ્પકલા વિશે ટૂંકમાં માહિતી આપો.

➢ બૌદ્ધ ધર્મે શિલ્પકલામાં સ્તંભો, સ્તૂપોની દીવાલો પરનાં કોતરકામો અને મૂર્તિઓની ભેટ આપી છે. મોટા ભાગના સ્તંભોની રચના અશોક દ્વારા કરવામાં આવી હતી. સ્તંભો આશરે 10થી 15 મીટર ઊંચા અને 300થી 400 કિલો વજનના હતા. દરેક સ્તંભ એક જ શિલામાંથી કોતરવામાં આવતો હતો. સ્તંભનાં ચળકાટ ધાતુના જેવો જ લાગતો હતો. સ્તંભના પથ્થર પર ઊંધા કમળને કોતરવામાં આવતું અને સ્તંભના મથાળે સિહ તથા તેની નીચે હાથી, ઘોડા કે બળદની ઊભેલી કે બેઠેલી આ કૃતિ કોતરવામાં આવતી હતી. સારનાથ પાસેના અશોકસ્તંભ પર એકબીજાની પીઠને અઢેલીને ઊભેલા ચાર સિંહોની આકૃતિ તથા ધર્મચક્રને ભારતની રાષ્ટ્રમુદ્રા તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. આને બોદ્ધ શિલ્પકલાનો ઉત્તમ નમૂનો ગણવામાં આવે છે.

બૌદ્ધ ધર્મે મૂર્તિ શિલ્પમાં ગાંધાર શૈલી અને મથુરા શેલીની ભેટ આપી છે. મહાયાન પંથના ઉદ્ભવ પહેલાં બોદ્ધ શિલ્પકલા ચૈત્યોના સ્તંભો પર, સ્તૂપોની વાડ પર અને દરવાજાનાં તોરણો પરની કોતરણીમાં જોવા મળે છે. આ કોતરણીમાં બુદ્ધની જાતકકથાના પ્રસંગો, બુદ્ધના જીવનના પ્રસંગો, યક્ષો, કિન્નરો વગેરે શિલ્પો તેમની અનેરી ભાવભેગીઓ અને અંગભંગીઓ સાથે કંડારેલા જોવા મળે છે, મહાયાન પંથના ઉદભવ સાથે બોદ્ધ શિ95 કલામાં પરિવર્તન આવ્યું. મહાયાન પંથ મૂર્તિપૂજામાં માનતો હોવાથી બુદ્ધની પથ્થર, આરસપહાણ અને ધાતુઓની મૂર્તિઓ ઘડાવા લાગી.

આ ઉપરાંત ઈસુની પહેલી સદીમાં ગાંધાર અને તક્ષશિલાના પ્રદેશો ગ્રીક શિલ્પકલાના સંપર્કમાં આવતાં બુદ્ધની અને બોધિસત્ત્વોની મૂર્તિઓ એથેના કે એપોલોની મૂર્તિઓ જેવી ઘડાવા લાગી. ગ્રીક શિલ્પકલાવાળી વિશિષ્ટ શિલ્પશેલી સૌપ્રથમ ગાંધાર પ્રદેશમાં વિકસી હતી, આથી તે ગાંધાર શૈલી નામથી ઓળખાવા લાગી. ગુપ્તયુગમાં ભારતીય શેલીની શિલ્પકલા ચરમસીમાએ હતી. સારનાથમાં આવેલી બુદ્ધની પ્રતિમામાં સંદરતા, હૃદયના ભાવોનું આલેખન અને એક પ્રકારનું આધ્યાત્મિક સૌંદર્ય ઉપસી આવે છે. આ સમયમાં ધાતુમાંથી બનાવવામાં આવતી મૂર્તિઓની શિલ્પકલાનો પણ વિકાસ થયો હતો. નાલંદા પાસેથી મળી આવેલી 2.5 મીટર ઊંચી બુદ્ધની તામ્રમૂર્તિ તથા બિહારના ભાગલપુર જિલ્લાના સુલતાનગંજ પાસેથી મળી આવેલી 2.5 મીટર ઊચી અને એક ટન વજનની બદ્ધની કાંસાની મૂર્તિ ધાતુ શિલ્પ કલાના ઉત્તમ નમૂનાઓ છે. આ મૂર્તિઓ શિલ્પકલા સાથે રસાયણવિદ્યા અને ધાતુવિધાની પ્રગતિનો પણ ખ્યાલ આપે છે.

5. બૌદ્ધ ધર્મે સાહિત્યના ક્ષેત્રમાં શું પ્રદાન આપ્યું છે?

➢ ગૌતમ બુદ્ધના નિવલિ પછી તેમણે આપેલા ઉપદેશોને વ્યવસ્થિત રૂપ આપવા માટે રાજા ગૃહમાં પ્રથમ ધર્મપરિષદ બોલાવવામાં આવી હતી. જે પ્રથમ ધર્મપરિષદમાં 'ત્રિપિટકના રચના થઈ, પાલી ભાષામાં લખાયેલા 'ત્રિપિટકમાં બુદ્ધ' પ્રાચીનતમે સાહિત્ય છે. તેમાં બુધ્ધ ના પ્રવચનોનો સાર છે. ત્રીજી ધર્મપરિષદમાં 'સુત્તપિટક' અને 'વિનયપિટકના 'અભિમ્મપિટક'ના ભાગની રચના કરવામાં આવી. સુત્તપિટક માં પાંચ વિભાગ છે, જેને 'નિકાય' કહે છે. 'અભિમ્મપિટક' એ 'નિકાય'નો એક ભાગ છે, જેમાં બોદ્ધ ધર્મના સિદ્ધાંતો સાથે નીતિવિષયક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બૌદ્ધ સાધુ અને સાધ્વીઓ દ્વારા 'થેરીગાથા' અને 'થેરગાથા' નામના કાવ્યોની રચના થઈ છે, જે ઊર્મિકાવ્યો તરીકે પ્રસિદ્ધ છે. બૌદ્ધ ભિક્ષુઓએ અન્ય પાલીગ્રંથોની રચના કરી છે, જેમાં 'મિલિન્દપાનકો' અને 'જાતકકથાઓ' મુખ્ય છે. કેટલાક વિદ્વાનોના મતે આ ગ્રંથોની રચના ઉત્તર પશ્ચિમ ભારતમાં થઈ હશે. ગ્રીક સમ્રાટ મિનેન્ડર (ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં) જ 'મિલિન્દી કહેવાય છે. "મિલિન્દયાન્હો" માં મિનેન્ડર અને નાગસેનાનો સંવાદ છે. આ ગ્રંથમાં બૌદ્ધદર્શનના જટિલ પ્રશ્નોનો ઉકેલ લાવવાનો પ્રયત્ન થયો છે.

બૌદ્ધ ધર્મે જગતને વસુમિત્ર, નાગાર્જુન અને અશ્વઘોષ જેવા મહાપંડિતોની ભેટ આપી છે. જેના પંડિતો સમ્રાટ કનિષ્કના દર બારનાં પંડિતરત્નો' હતાં. કશમીરમાં ભરાયેલી ચોથી ધર્મપરિષદમાં 'મ ડાયાન' પંથની રચના થઈ. તેનું પ્રેરણાબળ આચાર્ય નાગાર્જુન હતા. શ્રીલંકામાંથી પ્રાપ્ત થયેલા 'દીપવંશ' અને 'મહાવંશ' નામના ગ્રંથોમાં બુદ્ધના જીવનપ્રસંગોની સાથે તે સમય ની અન્ય માહિતી પણ છે, જે આ ગ્રંથને એતિહાસિક મૂલ્કય આપે છે. સમ્રાટ કનિષ્કના દરબારમાં રહેલા મહાકવિ અશ્વઘોષે બુધ્ધચરિત' નામનું મહાકાવ્ય સંસ્કૃત ભાષામાં રહ્યું છે, જેમાં બુદ્ધના જીવન વિશેની માહિતી છે. તીબ્બત ભાષામાં લખાયેલ બીદ્ધરાવની 'કંઝાર' અને 'તંઝર' નામની સહિતા પ્રસિદ્ધ છે. ભારતના પ્રવાસે આવેલા ચીની યાત્રાળુઓએ બોદ્ધ ધર્મ, બોદ્ધ તત્વ જ્ઞાન અને તે સમયની બોદ્ધ ધર્મની સ્થિતિ વિશે આપેલી માહિતી ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. આમ, બૌદ્ધ સાહિત્ય આપણા મહાન્ સાહિત્યિક વારસાનો એક અમૂલ્ય ભાગ છે.

## 6. મહાવીર સ્વામી પૂર્વેના 23 તીર્થકરોની માહિતી આપો.

➢ 'તીર્થકરે' શબ્દનો અર્થ "પવિત્ર કરનાર" થાય છે. જેનું ધર્મમાં જેમણે પોતાની અલૌકિક અને અદભૂત શક્તિથી તથા શાસ્ત્ર અને ઉત્તમ ચારિત્ર્ય દ્વારા સંસારરૂપી નદી પાર કરી શકાય તેવી 'ઘાટ' બાંધ્યો તે મહામાનવ, મહાન વિભૂતિ 'તીર્થકર' કહેવાયા. જેન ધર્મશાસ્ત્રોના મત મુજબ કુલ 24 તીર્થકરો થયા છે, જેમાં મહાવીર સ્વામી 24મા તીર્થકર છે. મહાવીર સ્વામી પૂર્વના 23 તીર્થકરો અને તેમનાં લાંછન (પ્રતીક) નીચે પ્રમાણે છે. આ તીર્થકરોનાં નામ અને તેમનાં પ્રતીકોનો ઉલ્લેખ જૈનશાસ્ત્રોમાં છે. 24 તીર્થકરો અને તેમનાં પ્રતીક (લાંછન). તીર્થંકર પ્રતિક (લાંછન) 1. ઋષભદેવ (આદિનાથ) – વૃષભ 2. અજિતનાથ = હાથી 3. સંભવનાથ = ઘોડો 4. અભિનન્દન = વાનર 5. સુમિતનાથ = ક્રોંચ 6. પદ્મપ્રભુ = કમળ 7. સુપાશ્વનાથ = સ્વસ્તિક 8. ચન્દ્રપ્રભુ = ચન્દ્ર 9. સુવિધિનાથ = મગર 10. શીતલનાથ = શ્રીવત્સ 11. શ્રેયાંસનાથ = ગેંડો 12. વાસુપૂજ્ય = પાડો 13. । વિમલનાથ = સુવર 14. અનંતન = બાજ 15. ધર્મનાથ = વ્રજ 16. શાન્તિનાથ = હરણ 17. કુંથુનાથ = બકરો 18. અરનાથ = નનવાવર્ત 19. મલ્લિનાથ = કળશ 20. મુનિસુવ્રત = કાચબો 21. નેમિનાથ = નીલકમલ 22. અરિષ્ટનેમિ (નેમિનાથ) = શંખ 23. પાર્શ્વનાથ = સર્પ 24. મહાવીર સ્વામી = સિહ

## 7. જૈન ધર્મના ઉદ્ભવ અને વિકાસની સમજૂતી આપો.

➢ મહાવીર સ્વામીને 42 વર્ષની ઉંમરે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું. મહાવીર સ્વામીએ પોતાના ઉપદેશથી અનેક સાધુ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓને પોતાના અનુયાયીઓ બનાવ્યા હતા. જૈન ધર્મની માન્યતા પ્રમાણે જૈન ધર્મની સ્થાપના આદિકાળથી થઈ હતી. 23મા તીર્થકર પાર્શ્વનાથે ઈ. સ. પૂર્વે 700ના અરસામાં જૈન ધર્મની વિચારસરણીનો ઉપદેશ લોકોને આપ્યો હતો. આમ, મહાવીર સ્વામીને પાર્શ્વનાથના અનુયાયી ગણવામાં આવે છે. સામાન્ય લોકો પણ સરળતાથી સમજી શકે તે માટે મહાવીર સ્વામીએ પોતાનો ઉપદેશ લોકભાષા

અર્ધમાગધીમાં આપ્યો હતો. આથી લોકો સાહજિક રીતે જૈન ધર્મ સ્વીકારી શક્યો. મહાવીર સ્વામીના નિર્વાણ પછી આશરે 200 વર્ષ બાદ જૈન પરંપરાના અનુયાયીઓએ જૈન ધર્મનો ફેલાવો ઝડપી બનાવ્યો. પ્રાચીન સમયમાં જૈન કલિંગ(વર્તમાનનું ઓડિશા)માં ખૂબ પ્રસર્યો હતો. ચીની યાત્રાળુ યુઅન – શવાંગે કલિગને જૈન ધર્મનું ઉદભવસ્થાન કહ્યું છે. બિહારમાં નન્દવંશના આશ્રયે જૈન ધર્મ ફેલાયો હતો. ચંદ્રગુપ્ત મૌર્ય અને સમ્રાટ સંક્રતિએ જૈન ધર્મ અપનાવ્યો હતો. ચંદ્રગુપ્ત મોર્યના શાસનનો અંતભાગમાં ગા માં દુષ્કાળ પડના ગુણધર ભદ્રબાહુ તેમના અનુયાયીઓ સાથે દક્ષિણ ભારતમાં ગયા હતા. મગધમાં રહેલા અનુયાયીઓએ ગણધર યૂલિભદ્રની નેતાગીરી નીચે મહાવીર સ્વામીના ઉપદેશને ગ્રંથસ્થ કરવા અને જૈનચંધોની પુનઃરચના માટે મગધના પાટનગર પાલિપુત્રમાં પ્રથમ્ 'જનસભા' બોલાવી હતી.

દક્ષિણ ભારતમાં ગયેલા અનુયાયીઓ મગધ પરત ફરતાં બંને તરફની કેટલીક સૈદ્ધાંતિક બાબતો અંગે મતભેદ પડતાં જૈન ધર્મના બે સંપ્રદાય થયા હતા : (1) શ્વેતાંબર સંપ્રદાય અને (2) દિગંબર સંપ્રદાય. 'શ્વેતાંબર' એટલે શ્વેત વસ્ત્રોના હિમાયતી સાધુઓના અનુયાયી લોકો આ જૈન ધર્મીઓ મૂર્તિપૂજાના હિમાયતી હતા. 'દિગંબર' એટલે દિશારૂપી વસ્ત્ર ધારણ કરનાર સાધુઓના અનુયાયી લોકો. જૈન સાધુઓએ વસ્ત્ર ધારણ કરવા જોઈએ નહિ એવો મત ધરાવનાર જૈન ધર્મ 'દિગંબર' કહેવાયા. જૈન ધર્મમાં બે પંથ ઉદભવ્યા હોવા છતાં ભારતમાં જૈન ધર્મનો ખૂબ ફેલાવો થયો. કટક (ઓડિશા) પાસેના ઉદયગિરિમાંથી ચોલવંશના રાજા ખારવેલના ઈ. સ. પૂર્વે બીજી સદીના 'હાથીગુફા'ના શિલાલેખ પરથી જાણવા મળે છે કે આ રાજાઓએ જૈન ધર્મ સ્વીકાર્યો હતો. ઈસુની શરૂઆતની સદીમાં મથુરા(ઉત્તર પ્રદેશોમાંથી મળેલા શિલાલેખ પરથી જણાય છે કે મથુરા લાંબા સમય સુધી જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર હતું. દક્ષિણ ભારતના મૈસુર(કર્ણાટક)માં શ્રવણબેલગોડા ખાતે તેમજ ગંગ, કદંબ, ચાલુક્ય અને રાષ્ટ્રક્ટ વંશના રાજાઓએ પોતાના રાજ્યમાં જૈન ધર્મનો પ્રચાર કરવાની પરવાનગી આપી હતી. પરિણામે આ રાજ્યોમાં પણ જૈન ધર્મનો સારો ફેલાવો થયો